# <u>મેઘરજના મે. જયુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મેઘરજ, જી.અરવલ્લી.</u>

**<u>ફોજદારી કેસ નં.૬૫૭/૨૦૨૬</u>**

**આંક – ૦૭**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– ચંદુભાઈ કકવાભાઈ ફેરા

રહે.વાંટા, તા.મેઘરજ, જી.અરવલ્લી

---

**ગુનો :– પ્રોહી. એકટની કલમ– ૬૫ (એ.એ) મુજબ....**

---

**–: <u>ચુકાદો</u> :–**

**૧/–** આ કામના આરોપી વિરૂધ્ધના ગુન્હાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં.૫ માં જણાવ્યા મુજબના તારીખ, સમય અને સ્થળે પ્રતિબંધક એરીયામાં દેશી દારૂ લીટર – ૩ ની કિ.રૂા.૬૦૦/– નો મુદામાલ પોતાના કબજામાં મળી આવી શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

**૨/–** ઉપરોકત બનાવ સબંધે ફરીયાદએ ફરીયાદ આપતાં તે અંગેનો ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલો અને તે બાદ તપાસ કરનાર અધિકારીએ આ ગુન્હાની તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

**૩/–** આરોપી આજરોજ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, આરોપી વિરૂધ્ધ, **આંક–૫** થી તહોમતનામુ ફરમાવી, **આંક – ૬** થી પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલો છે. તે બાદ આરોપીએ અને **આંક–૪** થી કબુલાત પુરસીશ અલગથી આપેલ છે.

**૪/–** આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ છે. અને આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપેલ છે. આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપી સામેનો ગુનો પુરવાર માનવાને કારણ રહે છે અને તેથી આરોપીને તેમની સામેના ગુના સબબ સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવુ છે.

**૫/–** આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯**, ગુજરાત સ્ટેટ **વિ.નટવરસિંહ હરચંદજી ઠાકોર** ના કેસમા આપવામાં આવેલ ચુકાદો માનસર ધ્યાને લીધો. જેમા નામદાર હાઈકોર્ટના ઠરાવ્યા મુજબ કોર્ટ જે તે કેસ તથા આરોપીના સંજોગો, સ્થિતી ધ્યાને લઈ જો કેસ યોગ્ય અને વાજબી હોય તો કાયદા ધ્વારા જે સજા કે દંડ જોગવાહી હોઈ તેના કરતા ઓછી સજા કે ઓછો દંડ કરી શકે. હાલના કામમાં ગુનાની ગંભીરતા અને આરોપીની સ્થિતી તથા સંજોગો ધ્યાને લેતા હાલના આરોપીને કાયદા માં જોગવાહી કરવામા આવેલ તેના કરતા ઓછી સજા કરવી જોઈએ અને સુધરવાની તક આપવી જોઈએ એવી આ અદાલતનુ સ્પષ્ટ માનવુ છે. કાયદાનો ઉદેશ માત્ર સજા કરવાનો નહી પરંતુ તે વ્યકિતને સમાજમા સુસ્થાપિત કરવાનો તથા આરોપીને સુધરવાની તક આપવી તેવો પણ છે. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને આરોપીને નિયત સજા તથા દંડ કરતા ઓછી સજા અને ઓછો દંડ થવો જોઈએ તેવુ આ અદાલત માનવુ છે.

**૬/–** આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા તથા આરોપીની કબુલાત પુરશીસ વં ચાણે લેતા તેમજ સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતા આરોપી ગરીબ વર્ગના માણસ હોય, કુટુંબના ગુજરાનની જવાબદારી આરોપી ઉપર હોય, ગુના બદલ આરોપી પસ્તાવો વ્યકત કરતા હોય, અને ભવિષ્યમાં આવો બીજો કોઈ ગુનો નહી

કરે તેની તકેદારી રાખવાનુ જણાવતા હોય તે સંજોગોમાં આરોપીની ઉપરોકત રજુઆતને ધ્યાને લઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

હાલના આરોપીને પ્રોહીબિશન એકટની કલમ– ૬૫ (એ.એ) ના ગુનામાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૬૪ મુજબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા)** દંડનો હુકમ કરવામાં આવે છે, જો આરોપી દંડની રકમ ના ભરે તો **દિન– ૦૫ ની** સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

સદર કામે કબજે લીધેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

આ આજ રોજ તા.૧૧મી, માહે – જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
મુ.મેઘરજ.

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
જયુડી.મેજી.ફ.ક.મેઘરજ.
જજ કોડ–જી.જે.૦૧૪૦૮
સ્પેશીયલ સીટીંગ

દંડની રકમ **રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા)**
પાવતી નં. થી જમા લીધા.
તા.૧૧/૦૭/૨૦૨૬
મુ.મેઘરજ

એ/કા. નાઝીર